# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૫/ક્વા-૩/૧૯-૨૦/૨૦૧** તા.૦૯–૦૧–૨૦

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫/ક્વા-૩/૧૯-૨૦

અરજદાર: **હેભાભાઈ જેઠાભાઈ બરાઈ** ગામ: **કુવાડીયા**
રજૂઆત કરનાર: **અરજદાર હાજર રહેલ નથી.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**
રજૂઆત કરનાર: કાર્યવાહક કાર્યપાલક ઈજનેર શ્રી **કે.એ.કરમુર** પીજીવીસીએલ વિભાગીય કચેરી – **ખંભાલીયા**

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, જામનગર વર્તુળ કચેરી
તારીખ: ૦૧-૦૧-૨૦૨૦ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૩-૧૨-૨૦૧૯ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. અરજદાર હેભાભાઈ જેઠાભાઈ બરાઈ હાજર રહેલ હતા. તેમજ કાર્યપાલક ઈજનેર શ્રી આર.વિ.સોમાણી પીજીવીસીએલ વિભાગીય કચેરી - ખંભાલીયા હાજર રહેલ હતા. સદર કેસની વધુ સુનાવણી તા.૦૧-૦૧-૨૦૨૦ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર હેભાભાઈ જેઠાભાઈ બરાઈ ગામ -કુવાડીયા, તેઓની અરજીના નોંધણી નં: ૫/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓએ કુવાડીયા ગ્રામ પંચાયત ની હદમાં આવેલ ખેતીવાડી સર્વે નંબર: ૩૬૪ પૈકી ૨ માં વાણીજય હેતુ નુ વીજજોડાણ મેળવવા વડત્રા પેટા વિભાગીય કચેરીમાં નિયમાધીન ભાવપત્રક ના નાણા ભરપાઈ કરેલ. તે મુજબ – ૨૨૫ મીટર ઓવરહેડ એચ.ટી.એ.બી. કેબલ નો ચાર્જ વસુલ કરવામા આવેલ – જે ખરેખર ૧૬૧ મીટર લાઈન ઉભી કરાયેલ છે, જેથી તફાવતના કેબલ ની લંબાઈ ના નાણા પરત મેળવવા માટે – પેટા વિભાગીય કચેરી વડત્રામા અરજી કરેલ છે – પરંતુ – રીફંડ અપાયેલ નથી. તેમજ – સદર એચ.ટી.એ.બી. કેબલ નાખવામા આવ્યા બાદ – વીજજોડાણ ચાલુ થયા ના ૦૪ – ૦૫ દિવસ બાદ સદર કેબલ ફોલ્ટી થતા – બેર કંડકટર નાખીને વીજપુરવઠો ચાલુ કરેલ છે. જેથી – નિયમાધીન ફરીથી ઓવરહેડ એચ.ટી.એ.બી. કેબલ નાખી આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- શ્રી હેભા જેઠા બરાઈ એ કૂવાડિયા મુકામે સર્વે નંબર ૩૬૪ પૈકી ૨ વાળા ખેતીવાડી સર્વે નંબર માં વાણિજ્ય હેતુ નું ૪ KW નું વીજજોડાણ મેળવવા માટે રૂપિયા ૧૦૦/- રસીદ નંબર ૪૯૭૬૫૫ તારીખ ૧૧.૧૨.૨૦૧૮ થી ભરપાઇ કરેલ જે અનુસંધાને તારીખ ૧૮.૦૨.૨૦૧૯ ના રોજ રૂપિયા ૨૬૪૫૨૭ નું અંદાજ પત્રક - રસીદ નંબર ૪૯૬૪૬૯ તારીખ ૨૦.૦૨.૨૦૧૯ થી ભરપાઈ કરેલ છે અને સદર જોડાણ તારીખ ૦૭.૦૩.૨૦૧૯ ના રોજ રીલીઝ થયેલ છે.

3.૧ અરજદારની રજૂઆત મુજબ સદર વીજજોડાણનું અંદાજપત્રક ભરપાઈ કરેલ છે તેમાં ૧૧ કેવી ની લાઇન ના કેબલ ની લંબાઈ ૨૨૫ મીટર દર્શાવેલ છે જ્યારે વાસ્તવિક લાઇનના કેબલ ની લંબાઈ ૧૬૧ મીટર ની લાઇન ઊભી કરવામાં આવેલ છે જેથી અરજદારે લાઇન લબાઈ ના તફાવત ના નાણાં પરત મેળવવા તારીખ ૦૮.૦૪.૨૦૧૯ ના રોજ વડત્રા કચેરી ખાતે અરજી કરેલ પરંતુ અરજદાર ને નાણાં પરત ન મળતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

3.૨ વડત્રા કચેરી ના પત્ર નંબર વીએસડી/ટેક/૧૧૧૭૬ તારીખ ૦૨.૧૨.૨૦૧૯ મુજબ તારીખ ૦૨.૧૨.૨૦૧૯ -ના રોજ સદર જોડાણ ની લાઇન લંબાઈ નું ફરીથી સર્વે કરતાં (સ્કેચ મુજબ) ખરેખર લાઇન ના કેબલ ની લંબાઈ ૧૫૩ મીટર હોય તફાવત ની લંબાઈ ૭૨ (૨૨૫મીટર – ૧૫૩ = ૭૨) મીટર ના નાણાં પરત કરવા પાત્ર છે. અરજદાર ની રજૂઆત મુજબ તફાવત ની લાઇન લંબાઈ ૭૨ મીટર ના પ્રત્યેક મીટર લેખે ૮૨૭.૦૬૬૬ કુલ રૂપિયા ૫૯૫૪૮.૭૯ રિફંડ આપવા માટે ની દરખાસ્ત વિભાગીય કચેરી ને પત્ર નંબર વીએસડી/ટેક/૧૧૧૭૫ તારીખ ૦૨.૧૨.૨૦૧૯ થી રજૂ કરેલ છે. જે મંજુર થતા તારીખ 24.12.2019 ના રોજ અરજદાર ને રૂ. ૫૯૫૪૮ /- ચેક નંબર ૨૯૨૦૪૧ તારીખ ૨૩.૧૨.૨૦૧૯ થી રૂબરૂ રિફંડ કરેલ છે.

3.3 ઉપરોકત મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે – અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. જે બદલ અરજદારે સદર વિષય સબંધક, પીજીવીસીએલ સામે કોઈ ફરીયાદ રહેતી ન હોવા બાબતે નો, તા.૨૪–૧૨–૧૯નો લેખીત સંમતીપત્ર પીજીવીસીએલ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ થી ૩.૨ માં જણાવ્યા મુજબ- અરજદારની લેખિત રજૂઆત – સમાધાનપત્ર(પુરશીશ) તારીખ 24.12.2019 થી રજુ કરાયેલ છે.

૪.૨ અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |